
વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ જાન્યુ., ૨૦૨૨ Vol. 16 No. 1

# 'બીગ બેન્ગ'ની પુર્વધારણા સાચી પડી તો ?



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyanveshan.com પર જાઓ.

# પ્રા. બાબુભાઈ ધીરજલાલ દેસાઈની અંતીમ શીખ

**–મોહનભાઈ પટેલ**

**'શૈક્ષણિકક્રાંતી = રેશનાલીઝમ = વીવેકબુદ્ધીવાદ = માનવવાદનું મીશન ચાલુ રાખજો'**

સુરત સત્યશોધક સભાના પ્રમુખ પ્રા. બાબુભાઈ ડી. દેસાઈની દુઃખદ અંતીમ વીદાય તા. ૨૭ મી ડીસેમ્બર ૨૦૧૬ ના રોજ થઈ, તે ખરેખર માનવવાદી, શીક્ષણ જગતની દુનીયામાં બુદ્ધીજીવી અને ગરીબ-છેવાડાના માનવી માટેની પણ કરુણ ઘટના બની છે. સુરતની સત્ય શોધક સભાની સ્થાપનામાં ડો. બી. એ. પરીખ અને અન્યો સાથે રહીને એમણે ભાગ લીધો. ગુજરાત-ભારત બલકે વીશ્વના અન્ય દેશોમાં શીક્ષણ જાગૃતીનું રેશનાલીસ્ટ-વૈજ્ઞાનીક અભીગમનું ઉત્તમ કાર્ય તેઓ બજાવી શકયા. ગુજરાત અને ભારત દેશમાં અનેક સંસ્થાઓ, બુદ્ધીજીવીઓ તથા શીક્ષણ સંસ્થાઓ જે તે આગેવાનો સાથે તેઓ સંકળાયેલા રહ્યા હતા. સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં વર્ષો સુધી શીક્ષણ ક્ષેત્રે પ્રાધ્યાપક અને સમાજસેવક તથા રેશનાલીસ્ટ-નાસ્તીક સાથે માનવવાદી રહયા. વીદ્યાર્થી આલમમાં પણ વીખ્યાત - માર્ગદર્શક બની પ્રેમ પ્રાપ્ત કર્યો. ઘણાનાં જીવનમાં પ્રગતી પંથે રાહબર બન્યા તેની ખાસ નોંધ લઈ અંજલી આપીએ છીએ.

માંદગી-કેન્સરના કારણે દીન-પ્રતીદીન એમનું શરીર ક્ષીણ થતું હતું, પરંતુ મનોબળથી અને ડોકટરની સારવાર થકી થોડું વધુ જીવ્યા... છેલ્લે સુધી ટુ વ્હીલર-સ્કુટર પર તેઓ, ૧૧/૧૨/૧૬ સુધી, ફરતા પણ રહયા હતા. છેવટે પથારીવશ થતા, ૨૭ મી ડીસેમ્બર, ૨૦૧૬ ના રોજ એમણે આખરી શ્વાસ લીધા હતા...! એમના મૃત્યુ પહેલાં તા. ૧૨-મી ડીસેમ્બર-૨૦૧૬ ના રોજ મારે રુબરુ મળવાનું થયું. ફોનથી અગાઉ જાણ કરી કે, 'તમે મને મળી જશો. રુબરુમાં વાતચીત કરીશું..!' આ મુલાકાત વખતે સપનાબેન (દીકરી), મલયભાઈ, સાથીદાર પ્રા. પંથકી ખુરશીદબેન અને અન્ય કુટુંબીજનો-મીત્રો હાજર હતાં. ઘર-સોસાયટીનું વાતાવરણ ગમગીન હતું. સ્વાભાવીક પ્રેમનો આ અતુટ સંબંધ હતો. પ્રા. બાબુભાઈની શીખામણ બોધરુપે એ હતી કે, 'આપણું શીક્ષણ જાગૃતી-રેશનાલીઝમ, વીવેકબુદ્ધીવાદનું મહત્વનું મીશન મારા પછી પણ ચાલુ રાખજો.' આવી વાણી સાંભળતા જાણી શકાયું કે - માંદગી ઘણી ગંભીર છે. વધુમાં બીજીવાર પણ બાબુભાઈને મળવાની ઈચ્છા થતાં તા. ૧૪ મી ડીસેમ્બરે ૨૦૧૬ ના રોજ યુરો સ્કુલના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રાજુલભાઈ દેસાઈ સાથે અમે રુબરુ મળ્યા હતા, ત્યારે પણ બાબુભાઈ દેસાઈએ નીખાલસ દીલે પણ ગમગીન ચહેરે સૌ મીત્રોને યાદ કરીને વાતો કરી હતી અને આપણું મીશન લોકશીક્ષણ ચાલુ રાખવા જણાવ્યું હતું.

**(વધુ ટા નં.–૪ ઉપર)**

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

બી. એ. પરીખ
સીદ્ધાર્થ દેગામી
સુનીલ શાહ
પ્રેમ સુમેસરા
મનસુખ નારીયા

૧૫ જાન્યુઆરી, ૨૦૨૨ | સળંગ અંક : ૩૬૨ | Vol. 16 No. 1

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)

## 'બીગ બેન્ગ'ની પુર્વધારણા સાચી પડી તો ?

–સુર્યકાન્ત શાહ

અમેરીકાના નાસાએ જેમ્સ વેબ સ્પેસ ટેલીસ્કોપને અવકાશમાં તરતો મુકયો છે. આપણે રોજેરોજના અનુભવ કરીએ છીએ તે પ્રકાશનાં કીરણો ઉપરાંત ક્ષ-કીરણોથી પણ ઘણા પરીચીત છીએ. એવાં બીજાં છ જાતનાં કીરણો અત્યાર સુધી જાણી શકાયા છે. એમાંનું એક ઈન્ફ્રારેડ કીરણ ૧૩.૮ અબજ પુર્વે જે બીગ બેન્ગ થયાની પુર્વધારણા કરી છે તે સમયની પરીસ્થીતીની ઝાંખી કરાવશે. વૈજ્ઞાનીકોની પુર્વધારણા (Hypotheses) છે કે ૧૩.૮ અબજ પ્રકાશ વર્ષ પુર્વે સમય નામનું તત્વ જ નહોતું. તે સમયે અલ્પના પણ અલ્પ સમયે મોટો ધડાકો થયો. સમગ્ર સચરાચરના જન્મની એ અલ્પતમ પળ હતી. આ અંગેના પ્રતીતીકારક પુરાવા મેળવવા માટે કોઈ વૈજ્ઞાનીક બચ્ચો એટલા ભુતકાળમાં જઈ શકે એમ જ નથી. તદ્ન વાહીયાત અને સમાજને નુકસાનકારક ધર્મના ટેકેદારો આ બબત બરાબર સમજે છે. આથી તેઓ ખાસ કરીને ખગોળશાસ્ત્રીઓને 'બીગ બેન્ગ'ના નામે ઉપહાસ કરે છે. એમનો ઉપહાસ કરવાથી એમના ધર્મની હાટડી બરાબર ચાલશે એવી એમની ગણતરી છે.

ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

ધાર્મીક ઠેકેદારો ધારે છે એવા પોચકા વૈજ્ઞાનીકો નથી. પ્રકાશનાં કીરણોની સાથે ભુતકાળનો સંબંધ એમણે શોધી કાઢયો છે. પૃથ્વી પર કે અવકાશમાં મોકલેલ અવકાશયાનના દુરબીન પર પડતાં કીરણો કોઈ સ્વયંપ્રકાશીત આકાશી પદાર્થનો હોવાનું એમણે શોધ્યું છે. આ કીરણોનું પૃથકકરણ કરવામા આવે, અને ઉંડો અભ્યાસ કરવામાં આવે તો તે કીરણ જેટલા સમય પુર્વે પેલા આકાશી પદાર્થમાંથી નીકળ્યું હોય તે સમયની સચરાચરની પરીસ્થીતીનો અંદાજ મુકી શકાય.

જેમ્સ વેબ સ્પેસ ટેલીસ્કોપને આ કામ સોંપાયું છે. ૧૩.૮ અબજ પ્રકાશ વર્ષ જેટલા અંતરે કોઈક સ્વયંપ્રકાશીત આકાશી પદાર્થ હોય તો તેનાં કીરણોને આ ટેલીસ્કોપ ઝીલશે. જો એકાદ કીરણ પણ ઝીલાય તો બીગ બેન્ગ પુર્વધારણા સાચી કે ખોટી હોવાનું નકકી થાય.

એકવાર જો એ પુર્વધારણા સાચી પુરવાર થાય તો આ પુર્વજન્મ, પુનર્જન્મ, આદી-અનાદી પૃથ્વી, સ્વર્ગ-નર્ક-મોક્ષ, અપાર્થીવ ખુદા, ભગવાન ગોડના નામથી ઓળખાતું અવાસ્તવીક તત્વ, આ બધા ગપગોળાના ફુરચા ઊડી જાય ! ધર્મ સા'વ પાયા વીનાનો અને જુઠનો આડંબર હોવાનું પુરવાર થાય. આવું થાય પછી વીશ્વભરની દુનીયા ધર્મને છોડી વૈજ્ઞાનીક અભીગમ અપનાવે એવો એને પડકાર મળશે. આમ તો ડાર્વીનના ઉત્ક્રાંતીવાદથી જ આ પડકાર પ્રજાને મળ્યો છે. એ પડકારને ઝીલીને એ ધર્મમુકત થઈ નથી એ માનવ ઈતીહાસની કાલીમા છે. આમ છતાં, એટલું તો બન્યું છે જ કે ગણનાપાત્ર લોકો ધર્મનો ત્યાગ કરી શકયા, કરી રહ્યા છે અને 'સાચો આનંદ' પ્રાપ્ત કરવા માંડયા છે. જો બીગ બેન્ગ સાચું પુરવાર થશે તો હજીય વધારે ને વધારે લોકો ધર્મમુકત બનશે એ ચોકકસ.

---

હજારો વર્ષ જુના ધર્મના સંસ્કારોએ માનવજાતના ડીએનએને પ્રભાવીત કર્યું છે. બાળપણથી જ મગજ અવૈજ્ઞાનીકતાનું ભોગ બને છે. આથી રેશનાલીસ્ટોએ ખુબ ધીરજથી વૈજ્ઞાનીકતાનો પ્રચાર કરવો પડશે.

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો.નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

# લગ્નવય અને વીજ્ઞાન

**–તંત્રી લેખ**

જેટલી સમીતીએ સરકારને આપેલા અહેવાલમાં એક સુચન યુવતીઓની લગ્નવય એકવીસ વર્ષની કરવાનું છે. એ માટે બે કારણો આપવામાં આવ્યાં છે : (૧) યુવતીનું શરીર એકવીસ વર્ષની વયે પ્રજોત્પત્તી માટે પુરતું પુખ્ત થાય છે, અને (૨) વસતીવધારા પર નીયંત્રણ આવશે. આ બન્ને બાબતો વૈજ્ઞાનીક દ્રષ્ટીએ તપાસવાની જરુર છે.

યુવતીનો બાંધો અઢાર વર્ષની વયે પુરતો પરીપકવ થઈ જ ગયો હોય છે. પ્રજોત્પત્તી માટે એના શરીરને નુકસાન પહોંચાડવાનું બનતું નથી. સમાજમાં જે રીતે અને જે પ્રમાણમાં અનેક માહીતીસંચારનાં સાધનો અને માધ્યમોથી સેકસ અંગેની માહીતી પીરસાય છે તેનાથી યુવતીઆએ અછુત રહેતી નથી. તેઓ આ બધું વાંચે છે, સમજે છે અને સેકસ અંગેની સમજમાં પરીપકવ થાય છે. એને ખબર છે કે પ્રજોત્વત્તીનો ભય-શંકા રાખ્યા વીના સેકસનો અવર્ણનીય આનંદ માણી શકાય, અને સેકસ વીના સંતાન જોઈતા હોય તો મેળવી શકાય. આમ સેકસ માટેની પુખ્તતાની જે અપેક્ષા રાખવામાં આવે છે તે યુવતી અઢાર વર્ષની થતા મેળવી જ લે છે. કેટલાકને ગમે કે નહીં ગમે, પરંતુ વીભકત કુટુંબ પ્રથા પ્રાધાન્ય ભોગવતી થઈ છે. આથી માનસીક રીતે યુવતી પોતાના શરીર, કુટુંબ અને સંતાનો માટે પુરી જવાબદારી સાથે વર્તવાને તૈયાર થઈ ગઈ હોય છે.

ટુંકમાં વૈજ્ઞાનીક દ્રષ્ટીએ યુવતી અઢાર વર્ષે લગ્ન માટે પુરતી સક્ષમ થઈ ગઈ હોય છે. આ બધી જ બાબતો યુવકોને લાગુ પડે છે. આથી એમને એકવીસ -એકવીસ વર્ષ સુધી સેકસના આનંદથી વંચીત રાખવું સમાજ માટે વધારે ને વધારે ભયજનક બનતું જશે. આથી એમની લગ્ન વય ઘટાડીને અઢારની કરવી જોઈએ.

આપણા સમાજમાં ભયજનક કહી શકાય એ સપાટીએ અસમાનતા છે, અને ખુબ પીડાદાયક ગરીબાઈ છે. આમ છતાં આજથી પચાસ વર્ષ પુર્વે ગરીબોને જેટલો અને જેવો પોષણક્ષમ આહાર મળતો  હતો તેના કરતાં ઘણો વધારે અને બહેતર મળે છે. સેકસ માટે શરીરને પોષણક્ષમ આહારની જરુર હોય છે. એ મોટા ભાગની પ્રજાને મળતો થયો છે. તેથી સેકસ સાથે જે ટકાઉપણાની જરુર છે તે અઢાર વર્ષે સંતોષાય છે.

બીજો મુદ્દો વસતી નીયંત્રણનો છે. વૈજ્ઞાનીક રીતે પુરવાર થયું છે કે શીક્ષણ અને તે પણ મહીલા શીક્ષણ જ વસતી નીયંત્રણનો એકમાત્ર ઉપાય વસતી ગણતરીના આંકડા

વૈજ્ઞાનીક  રીતે આ બાબત પુરવાર કરે છે. સંતાન સર્જનને અગર અઢાર-એકવીસના ત્રણ વર્ષની એટલી અસર રહેતી નથી જેટલી શીક્ષણની પડે છે. એ પણ પુરવાર થયું છે કે દશ ધોરણ સુધી બીનસાંપ્રદાયીક શીક્ષણ મેળવતી મહીલા પોતે જ પોતાની આગળ પાછળ બાળકોની લંગાર માંગતી નથી. આ બાબત બધા જ ધર્મોની મહીલાઓને સમાન રીતે લાગુ પડે છે. છેલ્લાં ચાલીસ વર્ષમાં માત્ર શીક્ષણને કારણે એક મહીલા દીઠ બાળજન્મનું પ્રમાણ અડધું થઈ ગયું છે. આથી જ ધો. ૧૨ સુધી પણ ખાસ કરીને યુવતીઓને શીક્ષણ આપવામાં આવે તો હજી વધારે વસતી નીયંત્રણ કરી શકાશે.

આમ વીજ્ઞાનથી જો લગ્ન વયને તપાસવામાં આવે તો કહી શકાય કે યુવક અને યુવતી બન્નેની લગ્ન વય અઢારની કરવી જેઈએ. સરકાર આ પ્રમાણે કરશે તો પોલીસવાળાઓને કામ પણ ઓછું થશે. અત્યારે પણ બાળશોષણ, બાળદીક્ષા અને બાળમજુરીને આપણે તેમ જ પોલીસ અટકાવી શકતા નથી. યુવતીઓની લગ્નવય અઢારથી એકવીસની કરતા તો વધારે ગંભીર કાયદાકીય પ્રશ્નો ઉભા થશે.

---

## અપીલ

**ગુજરાતીભાષીઓ માટે રેશનાલીઝમ પર ચીંતન કરતું એક માત્ર ‘સત્યાન્વેષણ’ માસીક છે. માત્ર ગુજરાત-મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ ‘સત્યાન્વેષણ’ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વીનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું ‘સત્યાન્વેષણ’ દરેક મહીનાની પંદરમીએ નીયમીતપણે બહાર પડે છે. એનું વાર્ષીક લવાજમ રૂા. ૨૦૦/- અને આજીવન રૂા. ૨૦૦૦/- છે. મ. ઓ.થી કે સત્યશોધક સભાના બેન્ક ઓફ બરોડા ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.**

***દરેક ‘સત્યાન્વેષણ’ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે ‘સત્યાન્વેષણ’ www.satyanveshan.com પર વાંચવા મળશે. ઉપરાંત જો  વાચક એનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.** **સુર્યકાન્ત શાહ** (મુખ્ય સંપાદક)

# સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો
## (૧) સત્યશોધક સભા આયોજીત નીબંધ સ્પર્ધાનો સન્માન સમારંભ :

સત્યશોધક સભા આયોજીત અતુલ પાઠકજી પુરસ્કૃત, બાલકૃષ્ણ પાઠકજી નીબંધ લેખન સ્પર્ધાના વીજેતાઓને સરસ્વતી સ્કુલ, અડાજણ ખાતે રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. માધ્યમીક વીભાગમાં પ્રથમ-પટેલ જાનવી (સરસ્વતી વીદ્યાલય), દ્વીતીય-રીનલ દવે (સુમન હાઈ. નં.-૨) અને તૃતીય ક્રમે રીયા શાહ (એલ. પી. સવાણી સ્કુલ) વીજેતા થયા હતા. ઉ. મા. વીભાગમાં પ્રથમ ભાવીન કદમ (જીવનભારતી કુમારભવન), દ્વીતીય-દવે ક્રીષ્ણા (પ્રેસીડન્સી સ્કુલ) તથા તૃતીય ક્રમે રામ સોનુ (સંસ્કાર ભારતી સ્કૂલ) વીજેતા થયા હતા. સભાના પ્રમુખ સીદ્ધાર્થ દેગામીએ સંસ્થાની વીવીધ પ્રવૃત્તીઓનો પરીચય આપી વહેમ-અંધશ્રદ્ધા સામે વૈજ્ઞાનીક અભીગમ કેળવવા પર ભાર મુકી સૌને આવકાર આપ્યો હતો. અતુલ પાઠકજીએ આ સ્પર્ધા યોજવા પાછળના હેતુઓ સ્પષ્ટ કર્યા હતા. નીબંધ સ્પર્ધાના નીર્ણાયક તરીકે ડો. બી. એ. પરીખે પોતાના અનુભવો વર્ણવી રેશનાલીઝમ વીશેનો ખ્યાલ આપ્યો હતો.

પ્રા. સુર્યકાન્ત શાહે ભુતકાળની કેટલીક માન્યતાઓ વીજ્ઞાનના વીકાસ સાથેના ધરમમુળથી બદલાઈ ગઈ તેનાં વીવીધ ઉદાહરણો આપી સંશય કરવાથી અને પ્રશ્નો પુછવાથી સત્ય તરફ જવાય એ વાત સમજાવી હતી. પ્રેમ સુમેસરા અને સુગીત પાઠકજીની ઉપસ્થીતીમાં કાર્યક્રમનું સંચાલન સુનીલ શાહે કર્યું હતું. સરસ્વતી વીદ્યાલયના વીષ્ણુ રાવલે સૌનો આભાર વ્યકત કર્યો હતો.

* * *

## (૨) સત્યશોધક સભાની વેબસાઈટ

**–ડો. બી. એ. પરીખ**

સત્યશોધક સભાની સ્થાપના ૧૯૮૦ માં થઈ ત્યારથી માંડીને આજદીન સુધી સભા વીવીધ પ્રકારની રેશનાલીઝમ-વૈજ્ઞાનીક અભીગમપ્રેરીત વહેમ અંધશ્રદ્ધાના નીર્મુલન માટેની તેમ જ સમાજમાં વૈચારીક પરીવર્તન લાવવાના ધ્યેય સાથેની પ્રવૃત્તીઓ સતત કરતી રહી છે. ચાળીસ વર્ષોના અમારા પ્રયાસો પછી અમને એમ લાગે છે કે આપણા અત્યંત ધર્મનીષ્ઠ, રુઢીચુસ્ત, મનુવાદી સમાજમાં સુધારાની, વૈજ્ઞાનીક રીતે વીચારવાની ચીનગારીઓ પ્રગટાવી-પ્રસારી શકયા છીએ.

સત્યશોધક સભાની વીકાસ યાત્રામાં આજે એક નવું સોપાન ઉમેરાય છે. સભાનો જાહેર પ્રજાને પુરો પરીચય કરાવે તેવી માહીતી સભા તેમ જ વ્યવસ્થીત રુપમાં ગોઠવાયેલી વેબસાઈટનું ઉદ્‌ઘાટન કર્યું છે. આજના સોસીયલ મીડીયાનાં યુગમાં વીશાળ લોકસંપર્ક તેમ જ પ્રચાર માટે વેબસાઈટ એક અત્યંત મજબુત અને ઉપયોગી માધ્યમ છે.

આ વેબાસાઈટને બને તેટલી માહીતીપુર્ણ બનાવવાનો પ્રયાસ કર્યો છે. આ વેબસાઈટ બનાવવા માટેનું સુચન અને તે માટેનો આગ્રહ તેમ જ તે બનાવવા માટેના ખર્ચની જવાબદારી સત્યશોધક સભાના સમર્થક અને ચાહક યુવાન મીત્ર અકબર લોખંડવાલાએ સહર્ષ ઉપાડી છે. ઈસ્લામી વોહરા સમાજના લોખંડવાલા કુટુંબ તેમ જ તેના હાલના ત્રણ સભ્યો વીશે જાણવું રસપ્રદ થઈ પડશે. તે આનંદપ્રદ અને અન્ય માટે પ્રોત્સાહક પણ રહેશે. સામાન્યપણે બહુ જ ઓછા ઈસ્લામીઓ રેશનીલીઝમ, સમાજ સુધારણા માટેનાં વલણો ધરાવતા હોય છે. આવા એક પ્રકારના બંધીયાર-રુઢીચુસ્ત વાતાવરણમાં લોખંડવાલા કુટુંબ એક દીપક સમાન છે.

૧૯૮૦માં સત્યશોધક સભાની સ્થાપના કરવામાં આવી તેની જાણ મુંબઈમાં રહેતા કેટલાક રેશનલીસ્ટ મંડળો અને વ્યકતીઓને પણ થઈ. આમાંના એક, ગૃહસ્થ વોહરા સમાજના મુંબઈ સાંતાક્રુઝમાં રહેતા શ્રી યાહ્યાભાઈ લોખંડવાલા હતા. વોહરા ધર્મગુરુની સરમુખત્યારશાહી તેમ જ રુઢીગ્રસ્ત-બંધીયાર માનસથી ગ્રસ્ત એવા વોહારા સમાજના યાહ્યાભાઈ નીતાંત સુધારણાવાદી-રેશનાલીસ્ટ વલણ ધરાવતા હતા. સભાની સ્થાપના પછી ત્રણેક માસમાં મારા આનંદ અને આશ્ચર્ય વચ્ચે શ્રી યાહ્યાભાઈ મારા એમ.ટી.બી. કોલેજના નીવાસ-સ્થાને તેમના સુરતમાં રહેતા ભાઈ બાકીરઅલીના એક પુત્ર સામભાઈને લઈને મને મળવા આવ્યા. બાકીરઅલી અને તેમના પુત્ર સામને હુ ઓળખું કારણ કે તેઓ જેનો હું એક સ્થાપક સભ્ય છું એ સર્જન સોસાયટી, પારલે પોઈન્ટમાં રહેતા હતા. બાકીરઅલી અને તેમનો પરીવાર પણ સુધારાવાદી હતો. યાહ્યાભાઈ સાથે પરીચય થયા પછી તેમણે મને ત્રણેક વાર મુંબઈ રેશનાલીસ્ટ કાર્યક્રમોમાં મહેમાન તરીકે આમંત્રણ આપ્યું છે. શ્રી યાહયાભાઈ દ્વારા શામ મારા અને સત્યશોધક સભાના પરીચયમાં આવ્યા અને સભાની પ્રવૃત્તીઓમાં તન, મન અને ધનથી સહાયરુપ બનવા લાગ્યા.

મારી શેક્ષણીક કારકીર્દીમાંથી નીવૃત્ત થયા બાદ હું છેલ્લા પચીસ વર્ષોથી સર્જન સોસાયટીમાં સ્થાયી થયો છું, એટલે આ લોખંડવાલા પરીવારના પુત્રો સાથે સંપર્ક વધવાની સાથે ગાઢ બનતો ગયો અને અવારનવાર સભાની પ્રવૃત્તીઓ વીશે વાતચીતો પણ થતી રહી,

ત્રણેક માસ ઉપર આ લોખંડવાલા કુટુંબના એક સભ્ય ભાઈ અકબરઅલીની મારી સાથેની વાતચીત દરમીયાન મારી સમક્ષ વોહરા ધર્મગુરુ અને તેમના ચુસ્ત અનુયાયીઓ તરફથી સુધારક વોહરાઓને થતા મૃત્યુ સુધીના ત્રાસ અને પજવણીની વાતો કરતા. તે સત્યશોધક સભાને મદદરુપ થવા માંગે છે તેવી એમણે રજુઆત કરી. એમણે પોતે જ સુચન કર્યું કે સભાની એક વેબસાઈટ હોવી જોઈએ, અને આ વેબસાઈટ તે પોતે તૈયાર કરાવી આપશે, અને તેનો તમામ ખર્ચ પણ તે ભોગવશે. આ દરખાસ્ત સભા માટે આનંદના સમાચાર હતા. અમે તેનો તરત જ સહર્ષ સ્વીકાર કર્યો. આ વેબસાઈટ ભાઈ ભદ્રશીલ દોલતવાલા નામના વ્યવસાયી (Idylic Web Concepts) સજ્જને બહુજ નીષ્ઠા અને મહેનતથી તૈયાર કરી આપી છે. આ વેબસાઈટમાં નીચેના મુદ્દાઓ સમાવવામાં આવ્યા છે :

(૧) સત્યશોધ સભાના ઉદ્ભવની ભુમીકા

(૨) સભાના ઉદ્દેશો

(૩) સભાનું બંધારણ

(૪) સભાની વીવીધ પ્રકારની દશેક પ્રવૃત્તીઓનું નીરુપણ

(૫) સભા દ્વારા પ્રકાશીત તેમ જ સમવીચારક પ્રકાશન સંસ્થા સાહીત્ય સંગમ દ્વારા પ્રકાશીત રેશનાલીઝમ, વૈજ્ઞાનીક અભીગમ, સામાજીક, ધાર્મીક દુષણો અને તેમની સુધારણા એમ વીવીધ વીષયો ઉપર લખાયેલાં પુસ્તકોની યાદી.

(૬) સભા દ્વારા એનાયત થતા રમણભ્રમણ સુવર્ણચંદ્રક વીશે

(૭) સત્યશોધક સભાનો પરદેશોમાં પ્રભાવ અને પ્રચાર.

(૮) ગુજરાત અને મુંબઈ રેશનાલીસ્ટ એસોસીએશન વીશે.

આ વેબસાઈટને અદ્યતન અને માહીતીપુર્ણ રાખવા માટે અમે પ્રયત્નશીલ રહીશું. આ વેબસાઈટને તૈયાર થઈ શકી તે માટે ભાઈ અકબરઅલી લોખંડવાલા અને બાકીરઅલી લોખંડવાલા ટ્રસ્ટ તેમ જ ભાઈ ભદ્રશીલનો આભાર.

---

## સત્યશોધક સભાને દાન

બાબુભાઈ દેસાઈની યાદને તાજી રાખવા માટે હમણાં અમદાવાદ રહેતા ભાર્ગવ અધ્વર્યુ તરફથી સત્યશોધક સભાને રૂા. ૫૦,૦૦૦/- નું દાન મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

## (૩) આંતરરાષ્ટ્રીય વીજ્ઞાન મહોત્સવમાં સત્યશોધક સભા

**–સીદ્ધાર્થ દેગામી**



ભારત સરકારના વીજ્ઞાન અને પ્રૌદ્યોગીક મંત્રાલય, પૃથ્વી મંત્રાલય અને વીજ્ઞાન ભારતીના સંયુકત ઉપક્રમે ઈન્ડીયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટીવલ તા. ૧૦મી ડીસેમ્બરથી તા. ૧૩ ડીસેમ્બરના રોજ પણજી, ગોવા ખાતે યોજવામાં આવ્યો હતો. આ વીજ્ઞાન પ્રદર્શનમાં દેશ અને વીદેશના વીજ્ઞાન જીજ્ઞાસુઓ, વૈજ્ઞાનીકો અને વીજ્ઞાન ક્ષેત્રે કાર્યરત સરકારી તેમ જ ખાનગી સંસ્થાઓને નીમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. જેમાં સત્યશોથક સભાને 'મીરેકલ બીહાઈન્ડ સાયન્સ' ની પ્રસ્તુતી માટે સ્ટોલ ફાળવવામાં આવ્યો હતો.

કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે વીજ્ઞાન અને પ્રૌદ્યોગીકી તેમ જ પૃથ્વી વીજ્ઞાનના રાજયમંત્રી માનનીય શ્રી ડો. જીતેન્દ્ર સીંઘ, ગોવાના મુખ્યમંત્રી શ્રી ડો. પ્રમોદ સાવંત, સર્વાનંદાસોનોવાલ શ્રીપાદ નાયક, ઓમ પ્રકાશ શેખલેચા, શેખર સી. માવડે, જયંત સહસ્ત્રબુધ તથા ભારત સરકારના પૃથ્વી વીજ્ઞાનના સેક્રેટરી માનનીય શ્રી ડો. રવીચંદ્ર ઉપસ્થીત રહયા હતા.

સાતમા ભારતીય આંતરરાષ્ટ્રીય વીજ્ઞાન મહોત્સવનો આ વર્ષનો મુખ્ય વીષય (સેલીબ્રીટીંગ ક્રીએટીવીટી ઈન સાયન્સ) હતો. સમૃદ્ધ ભારત માટે 'વીજ્ઞાનમાં સર્જનાત્મતાની ઉજવણી' હતો. IISF નો મુખ્ય હેતુ સૌના થકી વીજ્ઞાનની ઉજવણી કરવાનો હતો. દેશના જાણીતા વૈજ્ઞાનીકો દ્વારા સ્વદેશી ભાવનાની આગેવાની લેવાની હાકલ થઈ હતી. વીજ્ઞાનની અવનવી શોધને કારણે માનવજીવન સુખી સમૃદ્ધ બન્યું છે. પ્રગતીના સોપાન માનવીએ વીજ્ઞાન થકી સીદ્ધ કર્યા છે. આ બાબતો પણ સમજાવવામાં આવી. ગોવાના રહીશોએ એન્ટ્રાટીકાનો અનુભવ વીજ્ઞાન પ્રદર્શનમાં રજુ થયેલ કૃતીઓથી

માણ્યો. દરીયાઈ જીવો, ખડકો, અવકાશી પદાર્થોનું જ્ઞાન તેમ જ જુદા જુદા વીસ્તારોની જાણકારી વૈજ્ઞાનીક શોધોની સમજ પ્રદર્શન નીહાળવા આવતા લોકોએ-વીદ્યાર્થીઓએ મેળવી.

,સત્યશોધક સભા તરફથી હું (સીદ્ધાર્થ દેગામી) અને સંસ્થાના સભ્ય શ્રી પ્રવીણભાઈ મીયાત્રા (જાદુગર તેજા) એ સત્યશોધક સભાના 'મીરેકલ બીહાઈન્ડ સાયન્સ' ના સ્ટોલ પરથી વીજ્ઞાનના અવનવા પ્રયોગો રજુ કર્યા હતા. વીદ્યાર્થીઓ, શીક્ષકો અને જાહેર જનતાનું આકર્ષણ રહ્યું હતું. વીદ્યાર્થીઓએ વીજ્ઞાનના જાદુને જાતે પ્રયોગ કરી સાચી માહીતી મેળવી તાલીમ લીધી. સભાના પ્રયોગો-કાર્યક્રમ તેમની શાળા અને સંસ્થામાં રાખવા માટે તૈયારી બતાવી. અંધશ્રદ્ધા નીવારણ માટે આવા કાર્યક્રમ ખુબ જરુરી છે તેવી વાત દર્શકો તરફથી મળી ચાર દીવસ ચાલેલા આ વીજ્ઞાન પ્રદર્શનમાં હજારો વીદ્યાર્થીઓ, શીક્ષકો અને સ્થાનીક લોકો સત્યશોધક સભાની પ્રવૃત્તીથી વાકેફ થયા. ઈન્ડીયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટીવલમાં સભાની પ્રવૃત્તીને રજુ કરવા માટે અમદાવાદના વૈજ્ઞાનીક અને અંકુર હોબીના ડાયરેકટર શ્રી ધનંજય રાવલ અને મહારાષ્ટ્રના વીજ્ઞાની ડો. બ્રીજેશ પાંડેના અમો આભારી છીએ કે જેમના સહકારથી આ પ્રદર્શનમાં સત્યશોધક સભાને સ્ટોલ ફાળવવામાં આવ્યો.

---


## સત્યશોધક સભાનાં પ્રકાશનો

| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડો. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોની ભીતરમાં રૂા. ૩૦ | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડો. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડો. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

**મેળવવા માટે મ. ઓ. કરો.**

# (૪) બાબુભાઈની યાદમાં



ગઈ તા. ૨૭ મી ડીસેમ્બરે આપણી વચ્ચેથી બાબુભાઈ દેસાઈએ વીદાય લીધાને પાંચ વર્ષ થયા. એ નીમીત્તે સાહીત્ય સંગમની સાથે રહીને શ્રી નાનુભાઈ નાયક ભવનમાં ડો. બી. એ. પરીખના પ્રમુખપદે 'બાબુભાઈ એક રેશનાલીસ્ટ' પર સભાએ સંવીવાદ ગોઠવ્યો હતો. પ્રમુખ શ્રી સીદ્ધાર્થ દેગામીએ સૌને આવકાર આપતા બાબુભાઈ સાથે કામ કર્યાનો એમને જે લહાવો મળેલો તેને ભાવપુર્વક યાદ કર્યો. ઉપરાંત બાબુભાઈના દીકરી જયશ્રીબહેન અને માનવ દેસાઈ તેમ જ ખુરશીદ પંથકીની હાજરી પરત્વે હર્ષ વ્યકત કર્યો.

આ પ્રસંગે રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત ચતુર ચૌહાણના 'ચમત્કારનો પર્દાફાશ' પુસ્તકનું વીમોચન મંચસ્થ મહાનુભવોએ કર્યું. તે પ્રસંગે ભાઈશ્રી જાદુગરે એમના પીતાશ્રી ચતુર ચૌહાણની રેશનાલીઝમ પરત્વેની લગની, ચમત્કારોના નીદર્શન અને પર્દાફાશ માટેના ઉત્સાહને અને તે દરમીયાન એમના સાથી બન્યાનું ગૌરવ વ્યકત કર્યું હતું.

સંવીવાદના મુખ્ય વકતા રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત ઉત્તમ પરમારે જણાવ્યું કે ડાબેરી દેસાઈ બાબુભાઈના દીલમાં ગરીબો માટે પ્રગટેલો આતશ એમને જપવા દેતો નહોતો. રેશનાલીઝમ એમના લોહીમાં હતું. એમની સાથેના કેટલાક પ્રસંગો યાદ કરીને ઉત્તમભાઈએ જણાવ્યું કે બાબુભાઈ લાગણીઓ અને સંવેદનાના સંપુટ હતા.

એમના વ્યાખ્યાન બાદ સીદ્ધાર્થ દેગામીએ જાહેર કર્યું હતું કે બાબુભાઈના કુટુંબીઓ તરફથી એમની યાદ સતત તાજી રહે, અને એમના વીચારો સમાજ સુધી પહોંચે તેવી પ્રવૃત્તીઓ કરવા સત્યશોધક સભાને રૂા. ૫૦,૦૦૦/- નું દાન આપ્યું છે. શ્રોતાઓએ તે તાળીથી વધાવી લીધું હતું. ત્યારબાદ સુર્યકાન્ત શાહ, માનવ કે જે બાબુભાઈનો દોહીત્ર થાય તેણે અને અતુલ પાઠકજીએ બાબુભાઈને ભાવથી યાદ કર્યા હતા. પ્રમુખ સ્થાનેથી ડો. બી. એ. પરીખે સત્યશોધક સભામાં એમની સાથે રહીને રેશનાલીઝમના પ્રસાર માટેના એમના યોગદાનને શ્રોતાઓ સમક્ષ મુકયું હતું. સુગીત પાઠકજીએ સૌનો આભાર માન્યો હતો.

# બદલાતા સંબંધો

**–સુર્યકાન્ત શાહ**

મારા મીત્ર પાસે પાંચ વર્ષથી મારુતી કાર છે. એનું ડ્રાઈવીંગ હંમેશાં સલામતીપુર્વકનું હોય છે. એ ભાગ્યે જ આગળની ગાડીને ઓવરટેઈક કરે છે. કરવાનો હોય તો એના ડ્રાઈવરને સંભળાય તેટલા અવાજવાળો હોર્ન વગાડે છે. સીગ્નલ આપે છે. સાંઠ-સીત્તેરથી વધારે સ્પીડથી ચલાવતો નથી. ચલાવે છે ત્યારે એ ભાગ્યે જ વાતો કરે છે, એનું ધ્યાન સડક પર જ, અને પાછળનું દ્રશ્ય દેખાડતા અરીસા પર જ હોય છે. આથી એ જયારે જયારે પણ અમને લોંગ ડ્રાઈવનું આમંત્રણ આપે છે ત્યારે ત્યારે તે અમે સહર્ષ સ્વીકારીએ છીએ. ગયા રવીવારે અમે એની સાથે ડુમસ ગયા'તા. એ ડ્રાઈવીંગ કરે ત્યારે બાજુમાં ભાભી જ બેસે એવો એનો આગ્રહ. આથી અમારે બે જણાએ પાછળ શેઠ-શેઠાણીની જેમ બેસવાનું. ગયા રવીવારે અમે એના ઘરે ગયા અને કારમાં બેસવા ગયા, ત્યારે એણે મને પાછળની સીટ પર બેસવાને બદલે આગળ એની બાજુમાં બેસવાનો રીતસરનો હુકમ જ કર્યો. ભાભી પણ એની વાતમાં સંમંતી આપતા હોય તેમ મારી પત્ની સાથે પાછળ ગોઠવાઈ ગયા. મને પળભર નવાઈ લાગી, પરંતુ એ વાત સહજ માનીને મેં કંઈ એને બહુ વાગોળી નહીં. પાણીના રેલાની જેમ મારુતી જયારે ગૌરવપથ પર વહેતી હતી ત્યારે પાછળ બેઠેલી બન્ને મહીલાઓ ઘુસપુસ-ઘુસપુસ કર્યા જ કરતી હતી. હું મારા કુતુહલને રોકી શકયો નહીં. હંમેશ મુજબ મારો મીત્ર ડ્રાઈવીંગ કરતો'તો એટલે એ તો બોલતો જ નહોતો. પાછળ ઘુસપુસ વધતી જતી હતી. તદ્‌ન પાછા વળીને એમને જોવાનું અને શેની  વાત ચાલે છે એ પૂછવાનું મને જરા અશોભનીય લાગ્યું. આથી મે આસ્તેથી ફ્રન્ટ સ્ક્રીન પરનો અંદરનો અરીસો એમને જોવા માટે જરા ફેરવ્યો. રસ્તા પર જ ધ્યાનને કેન્દ્રીત રાખતા મારા મીત્રનું તરત જ ધ્યાન ખેંચાયું. એણે નજર ત્રાંસી રાખીને મારી સામે ઠપકાની દ્રષ્ટીએ જોયું. એ રીતે જોતા જોતા તો એની આંખના ખુણા રાતા થવા માંડયા. મને સમજાયું કે અરીસો ત્રાંસો કરીને હું ભાભીને જોતો'તો તે એને બીલકુલ ગમ્યું નથી. ભાભી માટે એનો આટલો બધો માલીકી ભાવ મેં પહેલી જ વાર અનુભવ્યો. મારે પણ કંઈ ભાભીને એ રીતે આયનામાંથી ધારી ધારીને જોવા જ નહોતા, પરંતુ મારા એ ચાળાની અસર મારા મીત્ર પર ગુસ્સો કરતી પડી. હું આયનાને અડકયો જ નહીં. પછી હું બંધ કાચવાળી બારીમાંથી ગૌરવપથની બન્ને બાજુ વીલસી રહેલી હરીયાળીને, અને એની પાછળનાં એક એકથી ચડીયાતાં મકાનોને જોવા માંડયો.

પીપલોદ નીકળી ગયા પછી જરા એકાંત આવ્યું ત્યારે મારી પત્નીએ કાર થોભાવવા જણાવ્યું. બરાબર સીગ્નલ આપી મારો મીત્ર સર્વીસ લેનમાં કાર લઈ આવ્યો. કાર થોભાવ્યા બાદ અણે મારી પત્નીને કાર થોભાવવાનું કારણ પૂછયું : એ કારણ પુછતો હતો એટલામાં અમે ચાર નીચે ઉતર્યાં.

મારી પત્ની તાડુકી, 'શું  નીર્દોષ થવાનો ડોળ કરો છો ? તમે નીર્દોષ નથી જ. આવાં લફરાં કરવા હોયને તો પરણવાનું જ નહી. કુંવારા રહેવાનું. લીવ ઈન લાયસન્સ કરી દેવાનું. અને પછી મા કે દીકરી બનાવી દેવાની. સમજયા !' મેં તો પહેલી જ વાર મારી પત્નીને આટલી ગુસ્સે થતા જોઈ.  એ સાક્ષાત દુર્ગામાતા છે કે કેમ તે હું નકકી કરી શકયો નહીં. એક પળ તો મને પગે લાગી દેવાનો ઉમળકો પણ આવ્યો, પરંતુ એના આટલા જ બોલવામાં પ્રેમાળ પત્ની સાથેના સંબંધને દુર્ગા માતા અને ભકતનો સંબંધને બનાવવાનું, મને યોગ્ય લાગ્યું નહીં. એ જે હોય તે. મારી પત્ની ઉંચા અને ગુસ્સાભર્યા અવાજથી સર્વીસ  લેનની પાસેની ફુટપાથ પર થોડા થોડા અંતરે આલીંગન લઈને બેઠેલાં ત્રણ યુગલો છૂટા પડી ગયા ! મને વીચાર આવ્યો કે, 'આ ગુસ્સો કેટકેટલા 'પાપ' કરાવે છે ?' દીલને ઠારતાં આ બીચારાં યુગલો અતૃપ્તીથી પીડાવા માંડયાં !

'ભા..ભી...મા....રી, મા...રી વાત તો સાંભળો. પહેલા સાંભળશો તો પછી સમજશો...પણ સાંભળો તો ખરા ! 'મારી પત્નીનો ગુસ્સો અને એના જવાબમાં મારા મીત્રની કાકલુદીના કોઈ સંદર્ભો મને તો સમજાયા જ નહીં. કારમાં મેં મારા મીત્રની આંખનો ખુણો રાતો થયેલો જોયેલો એટલે મીત્ર મારી સામે જોતો નથી તેની ખાતરી કરીને મેં ભાભી સામે જોયું. ભાભી નાક પર રૂમાલ દાબીને માથું નીચું રાખીને ભોંય તરફ જોયા કરતા'તા. એમના આવા હાલ જેઈને મને વધારે ગુંચવાડો થયો. એ બે પર તો મારું કંઈ ચાલે એવું નહોતું. મારી પત્ની પર મારો પતી તરીકે માલીકીભાવ ચાલે એવું હતું. આથી મેં જરા ચીડાઈને એને પુછયું, 'આ જાહેર રસ્તા પર તું કેમ મારો દોસ્તારને ખખડાવે છે ?'

'તમે તો બોલતા જ નહીં ! તમે મરદો બધા સરખા !

ડુમસ જતા ગૌરવપથથી અમારી કારમાં મારી પત્ની અને ભાભીએ એવી ગુફતેગુ કરી કે અંતે મારી પત્નીએ મારા મીત્રને કાર થોભાવવા કહ્યું. કાર થોભી, બધા નીચે ઉતર્યા, ઉતરતાની સાથે મારી પત્નીએ મીત્રને ખુબ ખરાબ રીતે ઠપકાર્યો. આ આખા એપીસોડના કારણને હું સમજી શકયો નહીં.  આથી જાહેર રસ્તા પર તમાશો નહીં થાય તે હેતુથી ખાસ

તો હું મારી પત્નીને, કારમાં પુનઃ બેસીને અમારા ઘરે કાર લઈ જવાનું હું સમજાવી શકયો. ડ્રાઈવીંગ મેં કર્યું. બાજુમાં મીત્ર માર ખાધેલા કુરકુરીયા જેવા સીટમાં જ સમાઈ જવાનો હોય તેમ સંકોડાઇને બેઠો હતો. ઘર આવ્યું. અમારા દીવાનખાનામાં સૌ બેઠા. વાતનો તાગ મેળવવા મેં મારી પત્નીને એના ગુસ્સા માટે કારણ જાણવા માંગ્યું.

'આ તમારો મીત્ર ! ગાંડા-ઘેલા કાઢે છે અને પોતાનો તો ઠીક પણ ભાભી અને ટપુડાના ભવ પણ બગાડે છે.' કોઈ'દી નહીં અને આજે મારી પત્નીએ મારા મીત્રને તુંકારથી ઓળખાવ્યો. તેનાથી મને સમજ પડી કે એને મીત્ર માટે તીરસ્કાર થઈ ગયો હતો.

'ભાભી ! તમે ભવની વાત કરી ને ? મને એક સાધુ ભગવંતે એના અને મારા ભવોભવની માહીતી આપી. નવી માહીતી મળે તો તે પ્રમાણે શું આપણા નીર્ણયો, સંબંધો અને વર્તન નહીં બદલવાના ?' મીત્રે ધારદાર દલીલ કરી.

'શું...શું ... એ તમારા સાધુ ભગવંતે તમને શું જણાવ્યું ?' 'સાંભળો, આ સાધુ ભાગવત અનેક શાસ્ત્રોના અભ્યાસ બાદ, એ જો ધ્યાન ધરે તો કોઈના પણ પુર્વ ભવની માહીતી આપી શકે છે. હું એમની પાસે ગયો. મારા જન્માક્ષર આપ્યા. એમણે એનો બરાબર અભ્યાસ કર્યો. ત્યારબાદ એ દયાનમાં ઉતરી ગયા. કલાક પછી ધ્યાનમાંથી આ સંસારમાં તેઓ પાછા આવ્યા. ખુબ નીર્મળ નયને એમણે મારી સામે જોયું, બોલ્યા, 'તને સાચું કહું ? આ ભવની તારી જે પત્ની છે, તે તો ગયા ભવના તારા પુજય માતુશ્રી હતા. હવે તારે એની સાથે કેવો સંબંધ રાખવો તે તારે વીચારવાનું છે. મારું જ્ઞાન એમ કહે છે કે તું એનો દીકરો હતો.' હવે તમે જ કહો ભાભી, મારે તો એને મા તરીકે પગે જ લાગવાનું હોય ને !' કહીને મીત્ર ઉઠયો. ભાભી પાસે ગયો. કમ્મરમાંથી વાંકો વળીને પગે લાગ્યો, બોલ્યો, : 'માતા, આશીર્વાદ આપો !'

મારા મીત્રના વાણી-વર્તન સાંભળી,-જોઈને હું તો ચકકર ખાઇ ગયો. એ ત્રણેનું જે થવાનું હોય તે થાય પણ મારે તો ખુરશીનો હાથો જોરથી પકડી રાખવો પડયો. પાંચેક મીનીટે મને કળ વળી. આંખ ખોલી તો સામે મારી પત્ની પાણીનું પવાલું લઈને ઉભી હતી. મેં પાણી પીધું; મને બોલવાના હોંશ આવ્યા. મારાથી સહજ ભાવે પુછાઈ ગયું. 'એ આ તારી નવા...ના...ના ગયા ભવના જુના સંબંધને કારણે આ ભવમાં તે માની લીધેલી તારી માતા ટપુડાની હવે દાદી ગણાય ને ?'

'ના... એ તો ટપુડાની માતા જ ગણાય' મારા મીત્રે દ્રઢતાપુર્વક જવાબ આપ્યો.

'એટલે કે ભાભી તારા દીકરાની અને તારી બન્નેની માતા ? સા...લુ, આ જબરું ! તે પુછેલું ખરું કે ટપુડો ગયા ભવમાં કોણ હતો ?'

'હા...પુછેલું, એ ગયા ભવે ગલુડીયો હતો., પણ એના પર સ્કુટર ફરી વળેલું એટલે બીચારું મરી ગયેલું. !'

'તે એની દાદી કોણ હતી ?'

મેં પુછેલું, પણ સાધુ ભગવંત એનું ગણીત માંડી નહી શકેલા. એનું કારણ છે. કોઈપણ ગલુડીયાનો બાપ નકકી કરી શકાતો નથી. બધાં મહાભારતમાંના દ્રૌપદી પુત્રો જેવા હોય છે. હવે બાપ જ નકકી નહીં થઈ શકે તો એ બીચારા ગલુડીયાના દાદી કેવી રીતે નકકી થાય ?' મીત્રે ત્રીકાળજ્ઞાની સાધુ ભગવંતના જ્ઞાનની મર્યાદા બતાવી.

'પણ એ આ ભવમાં તો ભાભી એના દાદી ગણાય ને !' મેં સાદુ ગણીત ચલાવીને પુછયું.

એક સાધુના કહેવાથી મારો મીત્ર ભાભીને ગયા ભવની માતા હતા તે દ્રઢતાપુર્વક માનતો થયો. પુર્વભવમાં ટપુડો ગલુડીયો હતો અને કમોતે મરી ગયો હતો. એ ગલુડીયાના દાદી કોણ તે પેલા સાધુ નકકી કરી શકયા નહોતા. ભાભી મારી પત્ની અને હું મુંઝાઈ ગયા હતા. મીત્રને પેલા સાધુએ નર્યા ગાંડપણની જ ભેટ આપેલી, તેમાંથી એને કેવી રીતે મુકત કરવો એની ગડમથલમાં અમે પડયા. કંઈક રસ્તો કાઢવાના હેતુથી મેં મારા મીત્રને કહ્યું, 'દોસ્ત, પેલા સાધુની વાત મુળમાં જ ખોટી છે. વૈજ્ઞાનીક રીતે પુરવાર થયું છે કે જુદા જુદા ધર્મોમાં આત્માનાં જે વર્ણન છે તેવા કોઈના પણ વર્ણનવાળો આત્મા આપણા શરીરમાં નથી. જો આત્મા જ નહીં હોય તો શરીર નામના ખોળીયામાં એનું આવવું, એનું જવું, ચોર્યાસી લાખ યોનીમાં રખડવું, આ બધાં જ ગપ્પાં છે. આત્માનાં પુર્વજન્મ અને પુનર્જન્મ જેવું કશું નથી. આપણે સૌ જૈવીક-રાસાયણીક પ્રક્રીયાના પરીણામ છીએ. આપણે પંચમહાભુતમાં ભળી જઈએ છીએ. આથી તું પેલા સાધુડાની વાતોમાં ફસાવાનું બંધ કરી દે.'

'તારે જીભ લગામમાં રાખવી જોઈએ. જેને હું વંદન કરું છું તે પરમ પુજય ધર્મ ધુરંધર સાધુ ભગવંતને તું સાધુડો કહે તે મારાથી સહન થતું નથી.'

'તારા સંસારમાં આગ લગાડે, તારી પત્નીને તારી માતા બનાવી દે એને સાધુડાથી સંબોધવા એ તો એમના પરત્વેનો વ્યકત થતો ન્યુનતમ ગુસ્સો છે. આ બધી વાતો એ સાધુડાએ કરી પછી તારી પાસે કોઈ રકમ માંગી કે નહીં ?'

'એ સાધુ તો પૈસાને અડકતા જ નથી. હા...નાસીક પાસે એમના હસ્તક એક ધર્મસ્થાન બંધાય છે એમાં એમણે મને ઓછામાં ઓછા દશ હજાર આપવાનું જણાવ્યું છે. હવે તારી ભાભીનું મંગલસુત્ર નકામું થઈ ગયું છે. મેં તપાસ કરી છે કે એને વેચતા પચ્ચીસેક

હજાર તો આવે. એ વેચી નાખીશ અને સાધુ ભગવંત કહે તે એમના ભકતને એમાંથી દશ હજાર આપીશ. મને તો આ સાધુ માટે એટલું માન થયું કે તેઓ આપણને ભવભવાંતરના માર્ગદર્શન આપે તો પણ પૈસાને તો અડકે જ નહીં !'

મારા મીત્રની વાતો સાંભળતા મને મનોમન નકકી થઈ ગયું કે એ સાધુની માયાજાળમાં બરાબર ફસાયો છે, આ વાત સાંભળીને ભાભી એકદમ ઉઠયા. મીત્રને નહીં, પણ અમને કહ્યું, 'હું મારે ઘેર જાઉં છું. ભાભી તમારે મારી સાથે આવવું પડશે.'

'કે...મ અચાનક ?' મારી પત્નીથી પુછાઈ ગયું. 'આપણે મારે ઘેર જઈએ અને મારી તીજોરીમાંથી મારા જ દાગીના કાઢી લઈએ. મંગળસુત્ર પણ મારું જ છે, તે પણ મારાં જ કપડાં અને મારી જ બીજી જરુરી ચીજો કાઢીએ. ત્યારબાદ આપણે નારી સંરક્ષણ ગૃહમાં જઈશું. થોડા સમય માટે ત્યાં હું રહીશ. ટપુડો મારી સાથે રહેશે. મારે ઘેર પણ આપણે રીક્ષામાં જઈએ' ભાભીએ ભાવી જીવનની એમની યોજના બતાવી. દરેક પળે બનતા નવા સાથે મારું મગજ તાલ મેળવી શકતું નહોતું. છતાં સુકી થઈ ગયેલી જીભ થકી મે ભાભીને કહયું.

'તમે ઉતાવળા નહીં થાઓ, જરા ધીરજ રાખો.'

'ધીરજ રાખી. બહુ રાખી. તમારી હાજરીમાં પણ મને માતા માનીને એ મને પગે લાગ્યા ત્યારે જ મને વીચાર આવ્યો કે એમના થકી ટપુડો પેદા કર્યા બાદ હવે એમની પત્ની તરીકે હું મરી ગઈ છું. હવે તો મારે ઘરમાં રોટલા ટીપવા રહેવાનું છે. મારે એ નથી કરવું. બે દીવસમાં હું વકીલને મળીશ, તમને સાક્ષી તરીકે રાખીશ. તમારે કોર્ટને જણાવવાનું છે કે પેલા સાધુડાના પ્રભાવ તળે આવીને એમણે મને એમની મા બનાવી છે. આથી ટપુડા અને મારા પુરા ભરણપોષણ આપવાના હુકમ સાથે કોર્ટ મને છુટાછેડા અપાવે ત્યાં સુધી પારકા ઘરના વાસણ-વાસીદા કરીને અને આ દાગીના વેચીને એની ફીકસ્ડ ડીપોઝીટના વ્યાજમાંથી અમારા બંનેનું પેટ ભરીશ.'

'પ...ણ મારો આ દોસ્ત એકલો પડી જશે તેનું શું ?'

'મારે એમની ચીંતા કરવાની જરૂર જ નથી. હું એમની માતા નહોતી અને પત્ની મટી ગઈ છું. તમે તો એમની પાસે છો ને ! તમે નહીં હો તો પેલો સાધુડો તો છે જ. હું તો આ ચાલી.'

મારી પત્ની ઘરના પહેરેલ કપડે ભાભીની સાથે રહેવા રીતસર દોડી. એટલામાં તો ભાભીએ રીક્ષા બોલાવી દીધી. એ બન્ને જણા જાણે ખટ્ટ્ટ્ ખટ્ટ્ટ્ કરતા ઉડી ગયા. હું તો સા'વ શુન્યમસ્ક થઈ ગયો. મારો મીત્ર મારા પલંગમાં કપાયેલી પાંખવાળા પંખી જેવો ફસડાઈ પડયો.

(સુરતના 'ધબકાર'માંથી)

# સાવીત્રી–જોતીબા ફુલે

–ઉર્વીશ કોઠારી




હકીકત એ છે કે એક વાર ફુલે દંપતીની કામગીરી વીશે જાણ્યા પછી ખુલ્લા મનનો કોઈ પણ માણસ તેમના પ્રત્યે ઉંડો આદર ધરાવતો થઈ જાય. અન્યાય સામે નહીં ઝુકવાનો મકકમ નીર્ધાર, કોઈ પણ ભોગે પોતાના કામને વળગી રહેવાનું ઝનુન અને બીજા બધા કરતાં ડરે એવા સમાજસુધારાના કાર્યક્રમો અમલી બનાવવાનું દ્રષ્ટીયુકત સાહસ-આ બધી ફુલે દંપતીની ખાસીયતો. મહારાષ્ટ્રના રીવાજ પ્રમાણે 'જોતીબા' તરીકે ઓળખાતા જોતીબા ફુલે ડો. આંબેડકરના પ્રેરણાસ્રોત અને મહાત્મા (ગાંધી) પહેલાના મહાત્મા તરીકે ઓળખાય છે. સમાજસુધારણા માટેનો તેમનો સંઘર્ષ અને (બ્રાહ્મણો સામે નહીં પણ) બ્રાહ્મણીયા માનસીકતા સામેનો તેમનો જંગ કોઈ પણ સમયે , કોઈપણ ક્ષેત્રમાં સામાજીક અન્યાય સામે લડનારાને પ્રેરણા અને હીંમત પુરી પાડે એવો છે. એ સમયના ઘણા જાણીતા સમાજસુધારકોના ચાવવાના અને બતાવવાના દાંત જુદા જુદા હતા. બીજાને મોટા ઉપદેશ આપનારા પોતે તેનો અમલ કરવનો આવે ત્યારે ઘણી વાર ફસકી પડતા હતા. તેમની સરખામણીમાં અને સરખામણી સીવાય પણ જોતીબા અને સાવીત્રીબાઈનાં ચરીત્રો વેંત ઉંચા ઉપસી આવે છે.

જોતીબા-સાવીત્રીબાઈના જમાનામાં ઈ.સ. (૧૮૫૦ ની આસપાસ) સ્ત્રીઓ અને શુદ્રોની સરખી અવદશા હતી. એમાં પણ સ્ત્રી શુદ્ર સમાજની હોય તો તેની દશા બમણી ખરાબ. સમાનતા જેવો કોઈ શબ્દ તેમની જીંદગીમાં અસ્તીત્વ ધરાવતો ન હતો. બાળલગ્નો સામાન્ય હતાં. કોઈ પણ સમાજની છોકરીઓના જીવનનું સાર્થકય પરણી જવામાં હતું. જોતીબા ફુલે અને સાવીત્રીબાઈના બાળલગ્ન જ હતા. લગ્ન વખતે જોતીબા ૧૩ વર્ષના અને સાવીત્રી ૮ વર્ષના (જન્મ ૧૮૩૧), પરંતુ સુધારક મીજાજ ધરાવતા જોતીબાએ સમાજસુધારાની શરુઆત પોતાના ઘરથી કરી (જે હજુ પણ અસામાન્ય બાબત ગણાય છે) જોતીબાએ સાવીત્રીબાઈને ઘરકામમાં ગોંધી રાખવાને બદલે જાતે ભણાવ્યાં. એ ભણતર ડીગ્રી માટે નહીં, પણ અન્યાય સામેની લડતની તૈયારી માટે હતું. ત્યાર પછી જોતીબાએ ભારે વીરોધ વચ્ચે શરુ કરેલી શુદ્ર કન્યાઓની નીશાળમાં, શીક્ષીકા તરીકેની જવાબદારી સાવીત્રીબાઈએ ઉપાડી.

મીથ્યાભીમાનમાં રાચતા સમાજના ઉપલા વર્ગની સામે પડીને શુદ્ર કન્યાઓને ભણાવવાનું સહેલું ન હતું. નીશાળે જતા સાવીત્રીબાઈને ઉજળીયાતોનાં મહેણાંટોણાંથી માંડીને કાદવકીચડ અને પથ્થરનો સામનો કરવો પડતો, પરંતુ સાવીત્રીબાઈ મક્કમ હતા. (આ મક્કમતાને 'સત્યાગ્રહ' જેવું નામ આપવાનું તેમને સુઝયું નહીં એટલું જ.) તેમના સંઘર્ષનો ખ્યાલ એ હકીકત પરથી આવશે કે કન્યાકેળવણીના કામ માટે જોતીબાએ સાવીત્રીબાઈને બે સાડી આપી હતી. એક ઘરેથી નીશાળે જતાં સુધી પહેરવાની, અને ઉજળીયાતોના ગંદા હુમલાને કારણે એ સાડી ખરાબ થઈ જાય એટલે નીશાળે જઈને એ સાડી બદલીને બીજી સાડી પહેરવાની !

પોતાના પર હીણા હુમલા કરનારાને સાવીત્રીબાઈ કહેતા હતાં, 'હું તો મારી ફરજ બજાવું છું. ભગવાન તમને માફ કરે.' એક વાર કોઈએ તેમની છેડછાડની કોશીશ કરી ત્યારે સાવીત્રીબાઈએ એને એક તમાચો ચોડી દીધો. ત્યારથી રસ્તામાં થતી હેરાનગતી અટકી, પણ સમાજનું દબાણ ચાલુ રહયું. જોતીબા-સાવીત્રીબાઈ સામે પોતાનું જોર ન ચાલતા, લોકોએ જોતીબાના પીતા પર દબાણ કર્યું. તેમણે જોતીબાને શાળા અથવા ઘર-બેમાંથી એકની પસંદગી કરવા કહ્યું. જોતીબાએ શાળા પસંદ કરી, અને ઘર છોડયું. એ વખતે સાવીત્રીબાઈને ઘરમાં રહેવું હોય તો છુટ હતી, પણ જરા સરખા ખચકાટ વીના સમાજસુધારણાના રસ્તે પતીના સાથી બનીને તેમણે પણ ઘર છોડી દીધું. નીશાળે ભણવા આવતાં શુદ્ર બાળકોને જાહેર કુવા કે જાહેર પરબ પરથી પીવા માટે પાણી ન મળે, તેથી સાવીત્રીબાઈ પોતાના ઘરેથી તેમને પાણી આપતા હતાં.

**સાવીત્રી–જ્યોતીબા ફુલે મેમોરીયલ ઈન પુણે :**

સતીપ્રથા બંધ થઈ, અને વીધવાવીવાહ સામેનો વીરોધ ચાલુ થયો એટલે વીશીષ્ટ સ્થીતી સર્જાઈ. યુવાન વયે વીધવા થયેલી ખાસ કરીને ઉજળીયાત સ્ત્રીઓની હાલત દયનીય બની. તેમને અસ્પૃશ્યની જેમ જીવવું પડતું. વયના પ્રભાવને કારણે કોઈ સાથે સંબંધ થાય અને વીધવા સ્ત્રી માતા બનવાની હોય ત્યારે તેની સામે જીવનું જોખમ વેઠીને ગર્ભપાત કરાવવા કે આત્મહત્યા કરવા સીવાય બીજો કોઈ રસ્તો રહેતો ન હતો. આ પરીસ્થીતી જોતીબાના ધ્યાન પર આવી. એટલે તેમણે વીધવા સ્ત્રીઓ માટેનું પ્રસુતીગૃહ ઉભું કર્યું. એક બ્રાહ્મણ વીધવાને જોતીબા આપઘાતના રસ્તેથી પાછી વળીને પોતાના ઘરે (પત્ની તરીકે નહીં, પણ પોતાના ઘરે પ્રસુતી કરાવવા માટે) લઈ આવ્યા, એટલું જ નહીં, તેના ભાવી સંતાનના

પીતા તરીકે પોતાનું નામ આપવાની તૈયારી બતાવી. આ પ્રસંગે સાવીત્રીબાઈ જોતીબાની સાથે અડીખમ ઉભાં હતાં. એ સ્ત્રીના પુત્રને કુલે દંપતીએ દત્તક લીધો, અને એ પુત્ર યશવંતે જ પહેલા પીતા જોતીબા અને પછી માતા સાવીત્રીબાઈને અગ્નીદાહ આપ્યો.

સાવીત્રીબાઈનું મહત્ત્વ કેવળ જોતીબાના પત્ની હોવામાં નહીં, પરંતુ સામા પુરે તરનારા પતીના સરખેસરખા સાથી બની રહેવામાં છે. (સરખામણી વીના ન જ સમજાય તો સ્પષ્ટતા ઉપસાવવા માટે કસ્તુરબા સાથે તેમની સરખામણી કરી શકાય.)

બે કાવ્ય સંગ્રહો 'કાવ્યફુલે' અને 'બાવનકશી સુબોધરત્નાકર' ઉપરાંત જોતીબાને તેમણે લખેલા પત્રોના સંકલન પ્રગટ થયા છે. આજીવન સંઘર્ષ પછી ૧૮૮૮ માં જોતીબાનું અવસાન થયું. તેમના ગયા પછી ૧૮૯૩ માં પડેલા ભીષણ દુકાળ વખતે અને ૧૮૯૭ માં ફાટી નીકળેલા પ્લેગ વખતે સાવીત્રીબાઈએ રાહતકાર્યોમાં જાતને જોતરી દીધી. પ્લેગના દર્દીઓની સેવા કરતા તેમને પણ ચેપ લાગ્યો અને ૧૦ માર્ચ, ૧૮૯૭ ના રોજ ૬૬ વર્ષની વયે તેમનું મૃત્યું થયું. આજે તમામ ક્ષેત્રોમાં સ્ત્રીશકતીનો સ્વીકાર થયો છે. ત્યારે એ ક્ષેત્રે સાવીત્રીબાઈનું પ્રદાન આટલા વર્ષો પછી પણ ધ્રુવના તારાની જેમ અવીચળ ઊભું છે.

ફ્લડલાઈટની ઝાકઝમાળમાં ધ્રુવનો તારો પણ ન દેખાય તો શું થાય ?

## રેશનલ ચળવળ

**(૧) ગોધરાના ડો. સુજાત વલી**ની આગેવાનીમાં ગોધરાની હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ સોસાયટી અને લોકવીજ્ઞાન કેન્દ્ર દ્વારા નીચે દર્શાવેલ વેબીનાર યોજાયા હતા. મહદ્અંશે તેનો સમય રાત્રે ૯.૦૦ થી ૧૦.૦૦ નો હોય છે. તમારે એમાં ભાગ લેવા હોય તો અવીનાશ મીસ્ત્રી (મો. ૮૪૦૧૩ ૩૦૩૦૦)નો સંપર્ક સાધવો. (સુ.)

| તારીખ | વીષય | |
|---|---|---|
| ૧૫-૧૨-૨૦૨૧ | રૂપાલની પલ્લી : કેવી રીતે મુકત થવું ? | જુથચર્ચા |
| ૨૨-૧૨-૨૦૨૧ | ,, ,, | ,, |
| ૨૪-૧૨-૨૦૨૧ | વશીકરણ | ,, |
| ૦૫-૦૧-૨૦૨૧ | ,, | ,, |

**(૨) કમલેશભાઈ જાદવ** અને મધુભાઈ કાકડીયાના રૂા. પંદર કરોડના પડકાર અંગે : આજથી એક મહીના એટલે કે ડીસેમ્બર ૨૦૨૧થી કમલેશભાઈ જાદવ અને મધુભાઈ કાકડીયા દ્વારા જે ચેલેન્જ ફેંકવામાં આવી છે તે સૌ કોઈએ વાંચી હશે તેમનું કહેવું છે કે

ભારત જેવા પછાત દેશમાં અંધશ્રદ્ધા એ માઝા મુકી છે. તેને નાબુદ કરવા માટે કરોડો રુપીયાનું ઈનામ જાહેર કર્યુ છે કે કોઈપણ ભુવો, જયોતીષકાર, ઓલીયો, ફકીર, અઘોરી જોશ જોઈને કે દાણા જોઈને કે ધુણીને કે કોઈપણ રીતે ભગવાન અલ્લાહ, માતાજી, પીર પેગંબરના નામે ચમત્કાર કરી બતાવે તો તેને આ ઈનામ આપવાનું રહેશે. ધતીંગ કરી લોકોને લુંટતા દીન-પ્રતીદીન અંધશ્રદ્ધા ફેલાવતા આવા એક પણ ભુવા-ભોપા કે યોગી કે ઓલીયો આગળ આવી ચમત્કાર બતાવવાનું બીડું ઝડપ્યું નથી. એનો અર્થ એ થયો કે આ લોકો ધર્મના નામે ધતીંગ કરી અંધશ્રદ્ધા ફેલાવી લોકોને છેતરી રહયા છે. આમાંની એક પણ વ્યકતીએ ૧૫ કરોડ રુપીયાની જમીન, પાંચ તોલા સોનુ, ૧૦ કીલો ચાંદી લેવા માટે પહેલ કરી નથી કારણ કે આ લોકો ડીંગે ડીંગ ચલાવતા હોય છે. લોકોને ખોટા ભ્રમમાં નાંખતા હોય છે, ભય બતાવતા હોય છે, જો અને તો વાપરતા હોય છે. વાસ્તવમાં કોઈપણ જોશ જોઈને કહી શકતા નથી. જે કહેશે તે બીલકુલ ગપગોળા હોય છે. તથ્યવીહોણી બાબતો પર ગોળગોળ વાતો કરે છે. આ મહીને આમ થશે તો પેલા મહીને તેમ થશે. તો એમ ચોકકસ કેમ નથી કહેતા કે આ તારીખે આટલા વાગે આ જગ્યા ઉપર આ ઘટના બનવાની છે ? તેમ છતાં લોકો હામાં હા પાડે છે. કાગડાનુ બેસવું ને ડાળનું પડવું, એમ કયારેક કશુંક સાચું પડતું હોય તો તેના પર હામી થવાની જરુર નથી. બીજું આપણા દેશમાં દેશના મહાનુભાવો ગણાતા અને અંધશ્રદ્ધાને ઉત્તેજન આપતા દેશના વડાપ્રધાન મંદીરો પાછળ કરોડો રુપીયા ખર્ચે છે તે શું વાજબી છે ? અંધ ભકતો તેને સ્વીકારે છે તે ખરેખર ખોટું છે કારણ કે દુનીયાનો કોઈપણ દેશ આવી અંધશ્રદ્ધાની ફેકટરીઓ પાછળ દેશની જનતાનાં નાણાં બરબાદ કરતા નથી.

તાજેતરમાં પી.એમ સાહેબે ૯૦૦ કરોડના ખર્ચે કાશીવીશ્વનાથ મંદીર પાછળ ખર્ચો કર્યો તેની જગ્યાએ એક વીશ્વવીધાલય કેમ ન બનાવી ? જરૂર છે શીક્ષણની, અંધશ્રદ્ધાની ફેકટરીઓની નહીં, તો મધુભાઈ અને કમલેશભાઈને લાખલાખ શબ્દથી બીરદાવું તો પણ તે ઓછું છે, અરે, હા, મને પણ ધુણીને કંકુ કાઢતા આવડે છે, રાખમાંથી કંકુ કાઢતા આવડે છે. લીંબુમાંથી લોહી કાઢતા આવડે છે. હવનના લાકડામાં પાણી રેડીને ઓટોમેટીક જ્યોત અગ્ની પ્રગટાવતા આવડે છે. તો શું આ ચમત્કાર છે ? ના, ના આની પાછળ વીજ્ઞાનના સીદ્ધાંત છે. ધુણીને કે મંત્રોચ્ચાર કરીને ભોળા લોકોને છેતરવાનું-લુંટવાનું નાટક જ હોય છે. તો તમારા ઝમીરને જગાડો, અંધશ્રદ્ધાને ભગાડો, જ્ઞાન-વીજ્ઞાન સાથે નાતો જોડો. ભુવા, જોશી, ચમત્કારીનો નાતો તોડો.

**(૩) રાજકોટ**ના રમણ-ભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત જયંત પંડયાની આગેવાની હેઠળના ભારત જનવીજ્ઞાન જાથાએ બલ્ગેરીયાના કોઈ એક ફેંકુ, નામે વાંગેલીયા પંડયા ગુશ્ટેરોયા ઉર્ફે બાબા વેંગાના નામે એના અનુયાયીઓએ દર વર્ષની જેમ ઈ.સ. ૨૦૨૨ને માટે પણ ફેંકાફેંકી કરી છે. જેમાં ભારતમાં ભુખમરો, પરગ્રહવાસીઓનો હુમલો અને પ્રલયની ભવીષ્યવાણી (?) કરી છે, તો તેને તદ્દ્ન વાહીયત ગણાવી છે. જાથાએ અભ્યાસ કર્યો છે કે આ બાવાના નામે છેલ્લાં ત્રીસ-ત્રીસ વર્ષથી જે આગાહીઓ થઈ છે તે બધી જ ખોટી પુરવાર થઈ છે. જાણવા જેવું છે કે આ બાવો ઈ. સ. ૧૯૯૬માં અવસાન પામ્યો છે. એના નામે અનુયાયીઓ આવી આગાહી કરી કરીને પોતાનો ‘ધંધો’ ચાલુ રાખે છે.

**–પાટણવાળા**માં એક ફરેબી નામે મુંજાવર અલી છેલ્લાં બાર વર્ષથી દોરા-ધાગા, મંત્રેલું પાણી આપી સંતાનપ્રાપ્તી સુધી થવાની ખાતરી (?) આપતો હતો. એ ઘરાક જોઈને રૂા. ૧,૦૦૦ થી એક લાખનું પડીકું બંધાવતો. જાથાને આ અંગેની અરજી મળતા પોલીસ રક્ષણ હેઠળ મુંજાવરને રંગે હાથ પકડયો હતો. જરુરી કાનુની કાર્યવાહી કરી હતી. જાણવા જેવું છે કે એના આ કરતુતો જેઈને બાર વર્ષ પુર્વે એને એક દરગાહમાંથી કાઢી મુકવામાં આવ્યો હતો.

**–ખેડા જીલ્લાના ટીંબા જીવાડા**માં જાથાએ જનજાગૃતી કાર્યક્રમ કર્યો હતો. ચમત્કાર નીદર્શન અને પંડયાના પ્રવચનનો એ કાર્યક્રમમાં સમાવેશ થયો હતો.

# બાબુભાઈનું માનવવાદી રેશનાલીઝમ

## બાબુભાઈ દેસાઈની સ્મરણાંજલી સભામાં મુખ્યવકતા તરીકે રમણભ્રમણ સુવર્ણ ચંદ્રકથી આભુષીત ઉત્તમ પરમારનું વકતવ્ય

બાબુભાઈનો એક જ શબ્દમાં પરીચય આપવો હોય તો એમ કહેવાય કે બાબુભાઈ ‘માણસ’ હતા. આ માણસની વ્યાખ્યામાં બાબુભાઈ પણ આવી જાય, એમનો માનવવાદ પણ આવી જાય અને એમનું રેશનાલીઝમ પણ આવી જાય.

આમ તો આપણે દરેક વ્યકતીને માણસ તરીકે ઓળખીએ છીએ, તો પછી ‘માણસ’ શબ્દમાં એવું તે શું ભર્યું છે કે ભર્યા ભાદર્યા જીવન સાથે અમૃત મહોત્સવ ઉજવીને આપણી વચ્ચેથી વીદાય લઈ ચુકેલા બાબુભાઈને માત્ર માણસ તરીકે નવાજવાના !

હું બાબુભાઈને માણસ તરીકે હૃદયપુર્વક માન, સન્માન અને ગૌરવપુર્વક નવાજુ છું એનું કારણ મારા ગુરુવર્ય પ્રોફેસર રુસ્તમ ડી. રાવ છે.

મારા કોલેજકાળ દરમ્યાન અપ્રમાણીક રીતે પરીક્ષામાં પાસ થવા રાવ સાહેબ પાસે હું ગયો હતો ત્યારે, મને એમ કરતા રોકતા રાવસાહેબે કહ્યું હતું કે 'પરીક્ષામાં પાસ થવું સહેલું છે. ગ્રેજયુએટ બની જવું સહેલું છે. શીક્ષક, ડોકટર, વકીલ બની જવું સહેલું છે, કવી લેખક-સાહીત્યકાર બની જવું સહેલું છે, અને આપણા દેશમાં તો કહેવાતા સંત અને કહેવાતા ભગવાન બની જવું પણ સહેલું છે, પરંતુ આ બધું બનતી વખતે 'માણસ' તરીકે જળવાઈ રહેવું એ સૌથી મોટી સાધના છે અનુસીદ્ધી છે.

આદરણીય રુસ્તમ ડી. રાવ સાહેબની આ જીવન દીક્ષા પામ્યા પછી આજની તારીખ સુધી અનેક ભુલો, અનેક પડકારો અને અનેક નીષ્ફળતાઓ સાથે આજ સુધી માણસ તરીકે જળવાઈ રહેવા માટેનો મારો અવીરત પુરુષાર્થ ચાલુ છે.

મારા વ્યકતીગત જીવનમાં માણસ તરીકે જળવાઈ રહેવાની સાધના કરતા રહેવાને કારણે મને સમજાયું છે કે જીવનની કોઈ પણ સીદ્ધી હાંસલ કરતા પહેલા માણસ તરીકે સીદ્ધ થવું એ સૌથી મોટી સાધના અને સૌથી મોટી પ્રગતી છે.

પેલી ગુજરાતી ગઝલ છે ને કે 'માનવ ન થઈ શકયો, પરંતુ ઈશ્વર બની ગયો.'...માણસ તરીકેની આ અનુભુતી કર્યા પછી મારે બાબુભાઈ વીશે કહેવું છે કે બાબુભાઈ પહેલા માણસ હતા અને પછી માનવવાદી હતા અને ત્યાર પછી રેશનાલીસ્ટ હતા.

આપણે સમાજમાં મંત્રમુગ્ધ થઈ જઈએ એવી રીતે અનેક લોકો પાસે માનવવાદ વીશે સાંભળ્યું છે, મંત્રમુગ્ધ થઈ જઈએ એવી રીતે રેશનાલીઝમ વીશે સાંભળ્યું છે....પરંતુ આવા વીદ્વાન વકતાઓ 'માણસ' ન પણ હોય એવી પ્રતીતી આપણને વારંવાર થાય છે. બાબુભાઈ માનવવાદી હોવા છતાં અને રેશનાલીસ્ટ હોવા છતાં પહેલા અવ્વલ દરજ્જાના 'માણસ' હતા. એવી મારી એમની સાથેના સહજીવનની અનુભુતી છે.

બાબુભાઈ વારંવાર કહેતા કે જો આપણે માણસ ન હોઈએ તો આપણે માનવવાદી ન બની શકીએ અને જો આપણામાં માણસાઈ અને માનવવાદી તરીકેની સામાજીક નીસ્બત ન હોય તો આપણે સાચા રૅશનાલીસ્ટ પણ ન બની શકીએ.

બાબુભાઈ કહેતા માણસાઈ અને માનવવાદી અભીગમ વગરનું રેશનાલીઝમ એક ફેશન માત્ર બની રહેશે. આપણે બાબુભાઈને માનવવાદી તરીકે અને રેશનાલીસ્ટ તરીકે ઓળખીએ છીએ એનું કારણ સૌથી પહેલા બાબુભાઈ 'માણસ' છે.

બાબુભાઈ પ્રોફેસર હતા, માનવવાદી હતા, રેશનાલીસ્ટ હતા, છતાં બાબુભાઈને મળીએ એટલે એક સહજ સરળ હૃદયઘેલા માણસની અનુભુતી કરાવે....સામાન્ય સંજોગોમાં બાબુભાઈ ગુસ્સે થતાં ન જોવા મળે, પરંતુ બાબુભાઈ ગુસ્સો કરે ત્યારે સમજવાનું કે કોઈ છેવાડાના માણસનું આર્થીક, સામાજીક, શૈક્ષણીક કે રાજકીય શોષણ કે ઉપેક્ષાની ઘટના ઘટી હશે.

બાબુભાઈ રેશનાલીસ્ટ હતા, છતાં તેમનો આરાધ્ય દેવતા તે વીશ્વનો દરીદ્રનારાયણ હતો. બાબુભાઈ માનવવાદી હોવાને કારણે દરીદ્રનારાયણની ઉપાસના કરવા માટે દાતાપાતાની સંસ્કૃતીવાળી સેવા પ્રવૃત્તી નહોતા કરતા. એ દરીદ્રનારાયણની સમગ્ર પ્રજાતીનું આર્થીક, સામાજીક, શૈક્ષણીક અને રાજકીય સર્વાંગી સશકતીકરણ કરવા માટેની વીચારધારા ઘડવાનું અને તેના માટેની રાજકીય તેમ જ સમાજ વ્યવસ્થા ઘડવાની સંઘર્ષ યાત્રામાં સામેલ થતા. તે માટેનો સત્યાગ્રહ કરતા.

બાબુભાઈ પાસે કોઈ શ્રમીક એના આર્થીક-સામાજીક અને રાજકીય શોષણનો પ્રશ્ન લઈને આવે તો જાણે કે કોઈ ઈષ્ટ દેવતાનો સાક્ષાત્કાર થયો હોય એમ બધું કામ છોડીને એના આર્થીક સામાજીક અને રાજકીય અધીકાર માટે સમર્પીત થઈ જાય.

બાબુભાઈ પ્રોફેસર બન્યા, માનવવાદી અને રેશનાલીસ્ટ તરીકે ઓળખાયા, છતાં એ ત્રીપરીમાણીય ઉપાધીઓને પડતી મુકીને એક સામાન્ય માણસ તરીકે ડર્બનની રેશનાલીઝમ અંગેની વીશ્વ પરીષદમાં બાબુભાઈ અને હું એક જ પથારીમાં એક જ બ્લેન્કેટ ઓઢીને દસ દીવસ સુધી સાથે રહ્યા હતા. તે દરમીયાન કયારેય પણ બાબુભાઈની માણસાઈમાંથી બાબુભાઈના વીશેષપણાનો અહમ બહાર ડોકાયો નથી.

બાબુભાઈ એક સામાન્ય માણસની જેમ ગુસ્સે પણ થતા, સંવેદનશીલ બનીને ભાવુક પણ બનતા, જયારે જાહેર જીવનની દુઃખદ ઘટના વખતે ડીપ્રેશનમાં પણ આવી જતા ત્યારે અમે એવી જાહેર ઘટનાને વાંચીએ કે સમજીએ એટલે તરત જ બાબુભાઈને ફોન કરીને કે એમને મળીને સહીયારી હુંફ ઉભી કરતા.

કહેવાય છે કે બાબુભાઈ તેમના વીદ્યાર્થીઓને પણ અભ્યાસક્રમના શીક્ષણ સાથે જ પ્રગતીશીલ માનવવાદ અને રેશનાલીઝમને વૈધીક શીક્ષણ આપતા સરળતાથી સમજાવી દેતા.

બાબુભાઈ સુરતમાં એક વ્યકતીનું આંદોલન હતા. કોઈપણ આર્થીક, સામાજીક શૈક્ષણીક કે રાજકીય ઘટના બનતી એટલે બાબુભાઈનો ફોન કે સંદેશો અચુક આવતો અને

એ ઘટના સંદર્ભે ભેગા મળીને વીચાર કરવા કે એ ઘટનાનો વીરોધ કરવાનું તાત્કાલીક આયોજન થતું....આજે સુરતમાં એ સંદર્ભે બાબુભાઈની ખોટ વર્તાય છે.

બાબુભાઈ ખુબ મોટા ગજાના માણસ હતા, પરંતુ એટલી જ તીવ્રતાથી ભારત દેશના જવાબદાર નાગરીક પણ હતા. રોજીંદી બનતી રાષ્ટ્રજીવનની ઘટનાઓ પરત્વે બાબુભાઈનું જવાબદાર અને પ્રતીબદ્ધ નાગરીકત્વ સોળે કળાએ ખીલી ઉઠતું...જેનો આજે શુન્યાવકાશ જોવા મળે છે. બાબુભાઈ જયારે આજે આપણી વચ્ચે નથી ત્યારે માણસાઈ વગરના માનવવાદ, માણસાઈ વગરના રેશનાલીઝમ અને નાગરીક ધર્મ વીનાનું જાહેરજીવન જોઈને બાબુભાઈની યાદ સતાવતી રહે છે.

બાબુભાઈને હૃદયપુર્વકની સ્મરણાંજલી.

## મૃત્યુનો સાક્ષાત્કાર

**–ચતુર ચૌહાણ**

મૃત્યુ શું છે ? મૃત્યુ કેમ થાય છે ? મૃત્યુનો મને નજીકથી અનુભવ છે, હા. એકવાર નહીં, ચાર ચાર વાર હું મૃત્યુ પામ્યો, અને ફરી જીવતો થયો છું. એક જ જન્મમાં અનેક વાર હું મરીને જીવન પામ્યો છું. મારા જ અનુભવ જણાવું તો મને કોઈ યમરાજા નથી દેખાયો. ના તો ચીત્રગુપ્તનો દરવાજો, મુનીમ કે ચોપડો પણ જેવા મળ્યો નહીં.

મારો પ્રથમ અનુભવ છે પાણીમા ડુબવાનો. વરસાદી પાણીના પુરમાં તરવાનું જાણવા છતાં તણાયો. ઘુમરીમાં ફસાયો, અને ના જાણે કયાં હું કેટલો સમય રહયો તે નથી જાણતો. જોનાર લોકોએ શોધખોળ કરી માણાવદરમાં પાણીમાં ડુબતા, કેશુભાઈ પરમાર અમરશી રાઠોડ, જે નગર પંચાયતના સભ્ય હતા, તેઓએ મને શોધી, કલાકો બાદ, પાણીમાંથી બહાર કાઢી બચાવેલ. આખરી વકતમાં કોઈ જ વીચાર નથી હોતો. કશું યાદ નથી આવતુ. ખબર પણ નથી રહેતી કે આખરી વકત પુરો થયો. બસ શરીર મશીનની જેમ બંધ થઈ જાય છે, મગજ અને હૃદયમાં ઓકસીજન પહોચતો બંધ થઈ જાય છે, અને શરીર કહેવાતા મૃત્યુની સ્વીચ પાડી દે છે, છતાં તમારા શરીરની કેપેસીટી પ્રમાણે સમયસર જો ફેફસાં અને પેટમાંથી પાણી બહાર કાઢી હૃદયને ફરી ચાલુ કરવા યત્ન કરવામાં આવે તો શરીર શ્વાસોશ્વાસ શરુ કરી, ફરી બધા અંગો ચાલુ કરી દે છે.

બીજો બનાવ મારો 'ચમત્કારોથી ચેતો' કાર્યક્રમ કરવા ચંદ્રાલા ગામે ગયો હતો તે એન. એસ. એસ.નો હોલીડે કેમ્પ હતો. કઢી અને ખીચડી ખાધી. પણ તેમાં કોઈ ઝેરી જંતુ

કે ગરોળી પડી ગઈ હોવાથી મને ફુડ પોઈઝનીંગ થયું. કાર્યક્રમ બાદ ૬ કલાકની લાંબી મુસાફરી કરી પાલીતાણા પહોચ્યો, અને સીધો કોમામાં ! ઝેરની ખુબ જ અસર થઈ ગયેલી અને મગજ સુધી અસર પહોચી ગયેલી. ડોકટરે કોઈ જ ગેરંટી વગર બચાવવાની તક ઝડપી, અને સારી સારવાર થતા બે દીવસે ભાનમાં આવ્યો. તે સમય દરમ્યાન શું થયું તે ખબર નથી. કોણે શું મદદ કરી, કોઈ સંબંધો, કશું જ યાદ નથી. દવાઓ અને સમયસર નીદાન માણસને ફરી જીવાડી શકે છે તે સાબીત થયું.

વલસાડ લાયન્સ ક્લબ દ્વારા કાર્યક્રમ યોજાયો, ઓપન એર થીયેટરમાં ચર્ચા સભામાં 'જયોતીષ વીજ્ઞાન નથી' જાણી જયોતીષ શીખતા વીદ્યાર્થીઓ ગીન્નાયેલા. કાર્યક્રમમાં સાંકળ બાંધી તોડવાનો પ્રયોગ હતો. બે સાંકળ વચ્ચે કાચો દોરો બાંધી એક વીદ્યાર્થીને આપેલ. તેઓએ બે સાંકળ વચ્ચે મજબુત દોરો બાંધી 'જોઈ' લેવાનું નકકી કર્યું. મેં યુવાનો ઉપર વીશ્વાસ રાખી ગળે સાંકળો બાંધી. ગળા ઉપર બાંધેલ કાચા દોરાની જગ્યાએ પાકો દોરો હોઈ દોરો તુટતો નહોતો. શ્વાસ લેવાનો બંધ થયો. સાંકળ ઉપર શરીર લટકવા લાગ્યું. અનેક પ્રયત્નો બાદ પાકો દોરો તુટયો અને ચતુર ચૌહાણની લાશ સ્ટેજ ઉપર પડી.  આંખોમાં અંધકાર, મગજ બંધ, અવાજ બંધ, સાંભળવાનું બંધ અને ગહેરી નીંદમાં શ્વાસ લેવાનું પણ બંધ.

મારા મદદગાર મહુવા કોલેજના પ્રીન્સીપાલ સી. કે. ગુર્જર મુંઝાયા, શરુઆતમાં તેમને રોજની જેમ હું નાટક કરતો હોવાનું લાગ્યું, પણ ખાસો સમય સુધી ઉભો ન થતા તેઓએ મને ઢંઢોળ્યો. હું સાચે જ મૃત્યુ પામેલો. દર્શકો પણ કંઈ ખોટું થયાનું જણાતા સ્ટેજ ઉપર દોડી આવ્યા. જાણકારે તાત્કાલીક નીર્ણય લીધો, છાતીમા મુકકા માર્યા, ગળા ઉપર માલિશ કરી અને અચાનક હ્દય ફરી ધબકવા લાગ્યું. આંખો ખોલી, કશું જ યાદ નહીં, કયાં છું ? શું કરું છું ? કોઈ વ્યકતી ઓળખાય નહીં. અચાનક સામે તાળીઓનો ગડગડાટ થતા સામે લોકોના ટોળા દર્શક તરીકે જોતા મગજમાં સ્પાર્ક થયો કે કાર્યક્રમ ચાલુ છે. કાર્યક્રમની જાણ થતા જ બાજી સંભાળી અને કાર્યક્રમ સફળતાપુર્વક પુરો કર્યો. પણ અડધો કલાક સુધી શું થયું તે મને ખબર નથી. ફકત આંખોની સામે અંધારુ થઈ જાય છે. મગજ બંધ થતા દુનીયા ખતમ થઈ જાય છે.

**(અનુ. ટા.- ૩ પર)**

**(અનુ. પાના નં. ૨૪ નું)**

આવો જ ચોથો મૃત્યુનો સાક્ષાત્કાર સુરેન્દ્રનગરના ચોટીલા શહેરમાં થયેલો. માનસ પ્રદુષણ નીવારણ અર્થે લોકજાગૃતીના કાર્યક્રમનું આયોજન શ્રી જમનાદાસ કોટેચા અને તેના સાથી મીત્ર અનીરુદ્ધ શુકલ દ્વારા થયેલું. અમે ચોટીલા પહોંચ્યા, પણ મોડું થયું હોવાથી સીધા સ્ટેજ ઉપર કાર્યક્રમ શરુ કરેલો. ગામના ભુવાઓએ તેલનો તાવડો કરવાની ના પાડી, કારણ કે તેમની રોજીરોટીનો પ્રશ્ન હતો, પરંતુ ગામના યુવાનોએ હઠ પકડી કે માતાજીનો તેલનો તાવડો જોવો છે, અને શીખવો જ છે. ભુવા ઉશ્કેરાયા, પણ કરે શું ? ગામથી દુર કાર્યક્રમ હતો, ઉનાળાના દીવસો હતા અને પાણી ખલાસ. મને તરસ લાગી, પાણી માંગ્યુ તો ના મળે, છેવટે કોઈ પાણી લાવ્યું. ચાલુ કાર્યક્રમે પીધું. આપનાર ભુવો હતો તે મને ખબર નહીં, અને ગળું ગયું. અવાજ બંધ, પાણી લઈ શકાય નહીં અને કાર્યક્રમ બાદ દેખાવાનું અને વીચારવાનું બંધ. સીધો દવાખાને ! કેટલા દીવસ સારવાર લીધી તે ખબર નથી. શરીરમાં શું થતું હતું તે ખબર નથી, પણ હા, વીજ્ઞાનની દવાઓએ મને જીવાડયો. નવજીવન આપ્યું, અને ઘરનાં સગાંવહાલાં સૌ અંતીમવીધી માટે આવી ગયેલાં, છતાં ફરી ભાનમાં આવ્યો. ડોકટરે કીધું કે ભગવાનના આશીર્વાદથી હું જીવતો થયો, જયારે મેં કહ્યું કે, 'ડોકટર સાહેબ તમારો આભાર. તમે ન હોત તો આજે હું જીવતો ન હોત. હું અનેક વાર મર્યો છું અને મને કોઈ દેવ દેવી કે સ્વર્ગ નર્ક દેખાયા નથી, અને વીજ્ઞાનની શોધ તમારી દર્દ ઓળખવાની માસ્ટરી ન હોત તો હું જીવતો ન હોત.'

---

(**નોંધ :** ચતુર ચૌહાણનો આ લેખ એમણે લખેલ 'ચમત્કારનો પર્દાફાશ' પુસ્તકમાંથી લીધો છે. આ પુસ્તકમાં આ ઉપરાંત ચમત્કારો અંગે જાણવા મળે તેવી ઘણી માહીતી છે. લોક વીજ્ઞાન કેન્દ્ર, ડો. સુજાત વલી, લારા હોસ્પીટલ, ગોધરા, (મો.-૯૯૭૯૪ ૨૨૧૨૨) તરફથી એનું પ્રકાશન થયું છે. ૨૪૦ પાનના આ પુસ્તકની કીંમત રૂા. ૨૦૦/- છે. પચ્ચીસ કે તેથી વધારે ખરીદનારને પચાસ ટકા વટાવ મળશે. -સુ.)

---

પુરતી તૈયારી કરીને જે તે વીષયમાં સાહીત્ય-વીશાળ વાંચન કે લેખન કરવાથી ઉત્તમ પ્રગતીનાં દ્વાર ખોલી શકાય. લઘુતાગ્રંથી ત્યજો, કઠોર પરીશ્રમ થકી હતાશા ત્યજો તો ધ્યેય સીદ્ધ થઈ શકે તે નકકી છે.

**– મોહન પટેલ**

**RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2022-2024 (with prepayment of postage)**

**(અનુ. ટા નં.-૨ પરનું)**

હું સુરતની વાડીયા વીમેન્સ કોલેજ તથા પ્રી. ટી મહીલા કોલેજ, વનીતા વીશ્રામ-સુરત ખાતે વ્યાખ્યાતા તરીકે રૂા. ૫૦૦/- માસીક પગારથી રહયો હતો, ત્યારે સને ૧૯૭૦-૭૩ નાં વર્ષોમાં અમારી શૈક્ષણીક ક્ષેત્રે અન્યાય વીરુદ્ધની લડતોના સંગઠનમાં મીત્રતા થઈ, અને મારી શીક્ષણ ખાતામાં સીધી ભરતીથી વર્ગ-૨ અને વર્ગ-૧ ની સરકારી નોકરી દરમીયાન વીવીધ કાર્યક્રમો નવસારી-વલસાડ-આહવા-ડાંગ અને વડોદરા જીલ્લા શીક્ષણ ભવનમાં વીવેકબુદ્ધીવાદ-ધાર્મીક અંધશ્રદ્ધા શૈક્ષણીક-વૈજ્ઞાનીક અભીગમમાં શીક્ષણક્ષેત્રના અનેક તજજ્ઞો અને વીદ્યાર્થીઓની સાથે સેમીનાર બેઠકો યોજીને સફળ કાર્યક્રમો થઈ શકયા. તેનો યશ પ્રા. બાબુભાઈ દેસાઈ જેવાનું ગતીશીલ નેતૃત્વ તથા માનવવાદી અભીગમ હતો, તેનો ખાસ ઉલ્લેખ પણ કરવો રહયો. બાબુભાઈ તથા ડો. બી. એ. પરીખ સાથે આહવા-ડાંગના ઉંડાણ વીસ્તારમાં પણ પ્રવચનો ગોઠવ્યાં હતાં. ખરેખર તો માનવી પૃથ્વી પર ન હોય ત્યારે જ તેનાં જે તે સાચા કર્મો થકી લોકો યાદ કરે છે, અને સેવાકાર્યોની અંજલી પણ લોકો આજે આપે છે. આપણે સૌ પ્રગતીશીલ બનીએ, અને માનવીય સેવા-આનંદ માટે વીવેકબુદ્ધીવાદ -નાસ્તીકતા - માનવવાદના રસ્તે વૈજ્ઞાનીક રીતે પ્રગતીનો અભીગમ કેળવીને આનંદમય માનવજીવન જીવવા, પ્રતીજ્ઞા લઈને શોકાંજલી પાઠવીએ.

---

ઘરમાં કંકાસ-ઝગડા થાય એવું પણ બને. માનવી તો સ્વભાવે રાજકીય પ્રાણી છે. તેવું એરીસ્ટોટલનું કથન છે, જાહેર જીવન, સંગઠન, સરકાર કે અન્ય સંસ્થાકીય કામોમાં પણ ઝગડાનું વાતાવરણ બની શકે છે. વીચારભેદ રહે તે સ્વાભાવીક છે. પરંતુ પુર્વગ્રહથી કે જે તે દુશ્મનાવટ-ઝગડાથી ખુન-ખરાબી સુધી-યુદ્ધની સ્થીતી લાવવી તે તો અશાંતી લાવે. યુદ્ધ કાયમી ઉકેલ લાવી ન શકે, તે પણ સાચું છે. જે પ્રજા યુદ્ધ ઈચ્છે તે કદી શાંતી સ્થાપી ન શકે, અને અશાંતી વીનાશની ગતી તરફ લઈ જાય છે. વીવેકબુદ્ધીવાદ અને માનવવાદી તથા વૈજ્ઞાનીક અભીગમથી પ્રગતી થાય.

**–મોહન પટેલ**

---

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**